# શિક્ષણની સમસ્યાઓ

**ડૉ. દિપ્તી એન. ત્રિવેદી**
વિદ્યાનગર
મો. 9898491347 E-Mail: kaushika1432@gmail.com

**"બાલમંદિરથી લઈ કૉલેજ સુધી બધું ભણાવવામાં આવે છે. ત્રિકોણ, ચતુષ્કોણ, પંચકોણ – અષ્ટકોણ – પણ નથી ભણાવાતો દ્દષ્ટિકોણ"**

''**The collapse of education is the collapse of the nation.**"

શિક્ષણની ચર્ચા કરતાં સમજવું જોઈએ કે શિક્ષણ એટલે શું? શિ = **શિસ્ત** અને **શીલવાન,** ક્ષ = **ક્ષમાનો ગુણ, ણ(ન) = નમ્રતા**. વ્યક્તિમાં જેનાથી શિસ્તનું સર્જન થાય છે, વ્યક્તિને શીલવાન બનાવે છે, જેનાથી વ્યક્તિમાં ક્ષમાનો ગુણ વિકસે છે, માફી બક્ષવાની ક્ષમતા વિકસે છે તથા જે પ્રાપ્ત કરવાથી વ્યક્તિમાં નમ્રતાનું સર્જન થાય છે. વિનય વિવેકના ગુણ વિકસે છે, કહેવાય છે કે **શિક્ષણ એ તો ત્રીજી આંખ છે**. શિક્ષણ નવી દ્દષ્ટિથી જોવાનું શીખવે છે.

શિક્ષણ કેવું હોવું જોઈએ ? ગાંધીજીએ નઈ તાલીમમાં કહ્યું છે કે જે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરી શકે તે સાચું શિક્ષણ. **વ્યક્તિના – Hand, Heart** અને **Head એ ત્રણેનો જેમાં ઉપયોગ કરવાની તાલીમ મળે તે સાચુ અને આદર્શ શિક્ષણ** – સાચું શિક્ષણ વિદ્યાર્થીને કેળવે છે. વ્યક્તિ કેળવાય નહીં તે અધુરું શિક્ષણ કહેવાય. શિક્ષણ તો **"ટ્રાન્સફોર્મર"** – છે જે પશુ જેવા વ્યક્તિને પંડિત બનાવી દે છે – સમજદાર બનાવી દે છે – ધીરજવાન, સહનશક્તિવાળો અને ઉદારતા અને રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગી નાખે તે આદર્શ શિક્ષણ.

આઝાદીના ઘણા વર્ષો પછી પણ આપણે મેકોલેની શિક્ષણ નીતિમાંથી બહાર આવ્યા નથી. શિક્ષણને લાગે વળગે છે ત્યાં સુધી આપણે બ્રિટીશ ગુલામીમાંથી બહાર આવ્યા નથી પણ જાણે તેમાં વધારે ખુંપતા જઈ રહ્યા છીએ. પરિણામે આપણી શિક્ષણ પ્રથા અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે.

પ્રથમ – ખાટલે ખોડ એ છે કે **"પાયામાં પાંચ અને સ્લેબમાં સાત"** – એ વિચારસરણીને વળગી રહ્યા છીએ. પાયાને, પ્રાથમિક શિક્ષણને મજબૂત બનાવવાના બદલે ઉપેક્ષા કરી રહ્યા છીએ. પરિણામે પાંચ ધોરણ પાસ કર્યા પછી પણ વિદ્યાર્થીને વાંચતા આવડતું નથી.

આજનું આપણું શિક્ષણ ભય અને ભારવાળું બની ગયું છે – કુમળાં બાળકો વાંકા વળી જાય તેવા ભારેખમ દફતર – ભણાવ્યા વગર જ જાણે મા–બાપ માટે હોમવર્કના નામે માનસિક બોજ ! બાળક ભણે છે કે વાલી તે ખબર જ પડતી નથી !

સરળ અને સમજાય એવું શિક્ષણ તો માતૃભાષામાં હોઈ શકે. કમનસીબે આજના વાલીઓ – દેખાદેખીથી બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણવા મૂકી દઈ બાળકનો બોજ વધારે

છે. અંગ્રેજી જરૂરી છે, શીખવું જોઈએ પણ અંગ્રેજી માધ્યમની જરૂર નથી. **માતૃભાષા સગી–મા છે, જ્યારે અંગ્રેજી તો અપરમા છે – સાવકી માં છે. માતૃભાષા આંખો છે જ્યારે અંગ્રેજી તો ચશ્મા છે. બાળકના પોષણ માટે માતાના ધાવણ પછી બીજું સ્થાન માતૃભાષાનું છે.** ખરેખર તો જે ભાષામાં સપનું આવતું હોય તે ભાષામાં ભણવા મૂકવું બાળકના હિતમાં છે. બાળકને માતૃભાષામાં કરેલી વાત તેના દિલમાં વસી જાય છે. અંગ્રેજી માધ્યમની ખરી મુશ્કેલી તો એ છે કે ગુજરાતી – સંસ્કૃત સાથે સ્નાતક થયેલા શિક્ષકો અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે ! એક બાજુ તગડી ફી પડાવતી શાળામાં શિક્ષકોને પૂરતો પગાર પણ આપતા નથી. શિક્ષકોનું શોષણ થાય છે તેથી શિક્ષકો નિષ્ઠાપૂર્વક ભણાવવાને બદલે બીજે સારી તક મળે તો ભાગી જવાની વેતરણમાં હોય છે. સરકારે ખાનગી શિક્ષણને પરવાનગી આપી છે જેના પરિણામે શિક્ષણની હાટડીઓ ખૂલી ગઈ છે – વાલીઓનું **"ઈમોશનલ બ્લેકમેઈલ"** કરતી સંસ્થાઓ વાલીઓને તગડી ફી આપવા મજબૂર કરે છે. હકીકત તો એવી થઈ છે કે જેનાં બાળકો અંગ્રેજી માધ્યમમાં નથી ભણતા તેવા વાલીઓ લઘુતાગ્રંથિથી પીડાય છે. શિક્ષણમાં દંભ વધ્યો છે, પણ ગુણવત્તા ઘટી છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થી ત્રિશંકુ દશામાં મૂકાય છે. ન ઘરનો ન ઘાટનો. અંગ્રેજી અઘરું પડે ને ગુજરાતી ફાવે નહિ.

પાયાના શિક્ષણની નઈ તાલીમ આપણે ભૂલી ગયા છીએ – પરિણામે **ગિજુભાઈની દક્ષિણામૂર્તિ, હરભાઈની ઘરશાળા, અને જુગતરામ દવેની વેડછીને આપણે ઓળખી શક્યા નથી,** પચાવી શક્યા નથી – માનસિક સાથે શારીરિક તાલીમ આપતું શિક્ષણ રહ્યું નથી – આજે જાણે શિક્ષણની ફજેતી થઈ રહી છે. સરકારે નવી શિક્ષણનીતિનો મુદ્દો ઘડ્યો છે – અનેક કમિશનરો નિમાયાં પણ તેની ભલામણો અભરાઈએ ચડાવી દેવામાં આવે છે. રાજકીય નેતાઓએ જ શિક્ષણને વ્યવસાય કે કમાણીનું સાધન બનાવી દીધું છે. ત્યારે શિક્ષણ સુધારણાની વાત જ ક્યાં આવે છે ? શિક્ષણની ગુણવત્તા ઘટવાથી રાષ્ટ્ર વિનાશના માર્ગે જાય છે તે માટે અંગ્રેજીમાં વિચારો સમજવા જેવા છે.

**"Destroying any nation does not require the use of atomic bombs or the use of long range missiles. It only requires lowering the quality of educations and allowing cheating in the examinations by the students. The collapse of education is the collapse of the nation."**

જો આ દેશમાં ઝડપી વિકાસ કરવો હશે તો દરેકના માટે શિક્ષણ હાથવગું બનાવવું પડશે – શિક્ષણને સસ્તુ બનાવવું પડશે – નિષ્ઠાવાન શિક્ષકોને પૂરતા પગાર આપી નિમણૂક કરવી પડશે. ભવ્ય દેખાતી ઇમારતો શિક્ષણ માટે મહત્ત્વની નથી. નિષ્ઠાવાન – સ્મિત રેલાવતો તો શિક્ષક ભણતરનું સ્તર ઊચું લઈ જઈ શકશે. ચોરી કરીને કે અનામતનો લાભ લઈને આગળ આવેલા વિદ્યાર્થીઓના હાથે રાષ્ટ્રનાશ પામે છે. કોઈકે સાચું જ લખ્યું છે કે "Patients die at the hand of such doctors. Building collapse at the hand of such engineers,. Money is lost at the hand of such economists and accountaints." Humanity dies at the hand of such religious scholars. Justice is lost at the hand of such Judges – તેથી –

**"We want that education through which strength of mind is increased, character is formed, intellect is expanded and one can stand on one's own feet." –– Swami Vivekanand**

**યાદ રાખો,**

(૧) "શિક્ષણ વિશ્વનું સૌથી શક્તિશાળી હથિયાર છે તેનો ઉપયોગ તમે દુનિયાને બદલવા માટે કરી શકો છો" – નેલ્સન મંડેલા

(૨) "શાળામાં તમે શું શીખ્યા હતા તે ભૂલી જાવ પછી જે બચે છે તે શિક્ષણ છે." – આલ્બર્ટ આઈન્સ્ટાઈન

(૩) "શિક્ષણ ભવિષ્યનો પાસપોર્ટ છે. આજે જે તૈયારી કરે છે તેને જ તે આવતી કાલે મળે ." – માલ્કોમ એકસે

(૪) "જ્ઞાન એ શક્તિ છે. દરેક ઘરમાં, દરેક પરિવારમાં શિક્ષણ પ્રગતિની ઈમારત છે." –– કોફી અન્નાન

(૫) સરકારે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરીને શિક્ષણને સસ્તું અને સૌના માટે સરળ બનાવવું જોઈએ. ગુજરાતી માધ્યમને લોકપ્રિય બનાવે.

આપણે સૌ જાગૃત થઈએ અને ગુણવત્તાસભર શિક્ષણના વિકાસ માટે પ્રયત્નશીલ બનીએ. આવતી – નવી પેઢીને મજબૂત બનાવીએ.

## સફાઈ વીરો

સફાઈવીરો ભેગા મળી સહુ સફાઈ કરીએ,
ઝાડુ, સાવરણા, સૂપડાથી ગંદકી ભરી લઈએ.
સફાઈવીરો...
વહાલા વહાલા ગાંધીબાપુનું સ્વપ્ન પૂરું કરીએ,
ભારમાતાને મોતીશી ચમકાવીને ફરીએ.
સફાઈવીરો...
શોચ ત્યાં શૌચાલય ને સફાઈ ત્યાં ખુદાઈ,
મોદીજી અને આનંદીજીએ જાગૃતિ કેવી જગાઈ
સફાઈવીરો...
સચિન તેંડુલકર આવીને હાથ ધોતા શીખવાડે,
વિદ્યા બાલન હસતી જૈને શૌચાલય બનાવડાવે...
સફાઈવીરો...
અભિયાન ચલાવી આખા દેશને સુંદર સ્વર્ગ બનાવીએ
લક્ષ્મીજી પણ દોડતા આવે, એવું આંગણું ચમકાવીએ
સફાઈવીરો...

**"શિશુના સ્વર" માંથી સાભાર**